ગાંધીનગર ટુડે

# સ્વાઈન ફલુ મુદ્દે બધી વિગત આપવાનો હાઈકોર્ટનો હુકમ

## હાઈકોર્ટે સરકારની જોરદાર ઝાટકણી કાઢી : સરકાર-કોર્પોરેશન સત્તાવાળાઓને સ્વાઇન ફલુની સ્થિતિ, પગલા અંગેનો વિગતવાર અહેવાલ રજૂ કરવાનો આદેશ



અમદાવાદ,તા.૧૧

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં વકરી રહેલી સ્વાઈન ફલુની ગંભીર અને ચિંતાજનક સ્થિતિને લઈ આજે ગુજરાત હાઈકોર્ટે એક તબક્કે રાજય સરકારને ફટકાર લગાવી હતી અને માર્મિક ટકોર કરી હતી. હાઈકોર્ટે સરકાર અને અમ્યુકોને માર્મિક ટકોર કરતાં જણાવ્યું કે, રાજય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સત્તાવાળાઓ કયા પ્રકારના સમન્વયથી કામ કરે છે?હાઈકોર્ટે સ્વાઈન ફલુને કાબૂમાં લેવા અને તેને અટકાવવા માટેના સરકાર સહિતના સંબંધિત સત્તાવાળાઓ દ્વારા અત્યાર સુધી શું પગલા લેવાયા તે સહિતની બાબતો પરત્વે સરકારપક્ષને મહત્વની પૃચ્છા કરી આવતીકાલે રાજય સરકાર અને અમ્યુકો સત્તાવાળાઓને સ્વાઈન ફલુની સ્થિતિ અને લેવાયેલા પગલા અંગેનો વિગતવાર અહેવાલ રજૂ કરવા આદેશ કર્યો હતો. રાજયમાં વકરી રહેલી સ્વાઈન ફુલની સ્થિતિને લઈ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થયેલી રિટ અરજીમાં અરજદારપક્ષ તરફથી હાઈકોર્ટનું ધ્યાન દોરાયું હતું કે, સરકારી તંત્ર અને મ્યુનિસિપલ સત્તાવાળાઓના સંકલનના અભાવે અને સરકારી હોસ્પિટલો તેમ જ દવાખાનાઓમાં યોગ્ય અને ત્વરિત સારવાર ઉપલબ્ધ નહી હોવાના કારણે સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે અને તેના લીધે સ્વાઈન ફલુથી મોતનો આંક પણ વધી રહ્યો છે. વાસ્તવમાં સરકારી હોસ્પિટલો અને દવાખાનાઓમાં સ્વાઈન ફલુના દર્દીઓની સારવાર માટે પૂરતો સ્ટાફ કે તેના પરિક્ષણ માટે પૂરતી માત્રામાં લેબોરેટરી કે પરિક્ષણની વ્યવસ્થા જ નથી. સરકાર અને સત્તાવાળાઓની બેદરકારી અને ઉપેક્ષાને કારણે નિર્દોષ નાગરિકો સ્વાઈન ફલુના ભરડામાં હોમાઈ રહ્યા છે. આ સંજોગોમાં હાઈકોર્ટે સરકાર સહિતના સત્તાવાળાઓને જરૂરી આદેશો કરવા જોઈએ. દરમ્યાન કેસની સુનાવણીના તબક્કે હાઈકોર્ટે પણ સ્વાઈન ફલુને લઈ રાજયમાં હાલ પ્રવર્તી રહેલી સ્થિતિને લઈ ભારે ચિંતા વ્યકત કરી હતી. હાઈકોર્ટે સરકારપક્ષને ટકોર કરી હતી કે, સ્વાઈન ફલુનો વાયરસ કેવી રીતે ફેલાય છે તે જાણી શકાયું નથી પરંતુ તંત્ર દ્વારા તેને અટકાવવા માટેના શું પગલા લેવાયા તેની પર ભાર મૂકી શકાય. જો સરકાર અને તંત્ર બરોબર રીતે કામ કરતું હોય તો સ્વાઈન ફલુની સ્થિતિ આટલી બધી વકરી કેવી રીતે. હાઈકોર્ટે સ્વાઈન ફલુગ્રસ્ત વિસ્તારોમાં તેના વાઈરસને ડામવા અને દર્દીઓને બચાવવા તેમ જ લોકોના આરોગ્યના રક્ષણ માટે સરકાર-સત્તાવાળાઓ દ્વારા શું પગલા લેવાયા તે સહિતની તમામ વિગતો આવતીકાલે રજૂ કરવા હાઈકોર્ટે સરકારને હુકમ કર્યો હતો.

# સ્વાઈન ફલુનો હાહાકાર જારી રહ્યો : વધુ ૯૧ કેસો સપાટીએ



## વધુ બેના મોત થતાં મૃત્યુઆંક વધીને ૬૧ : સ્વાઈન ફલુના કેસોની સંખ્યા રોકેટગતિથી વધીને ૧૪૩૧ સુધી પહોંચી : ૫૬૭થી વધુ દર્દી હજુ પણ સારવાર હેઠળ

અમદાવાદ,તા.૧૧

ગુજરાતમાં સ્વાઈન ફલુનો કાળો કેર બેકાબૂ બનેલો છે. સ્વાઈન ફલુને રોકવા માટે વિવિધ પગલા લેવાઈ રહ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આજે સ્વાઈન ફલુના કારણે વધુ બે લોકોના મોત થતાં મોતનો આંકડો સત્તાવારરીતે ૬૧ ઉપર પહોંચ્યો હતો જ્યારે બિન સત્તાવારરીતે મોતનો આંકડો ૭૬ ઉપર પહોંચી ગયો છે. આવી જ રીતે સ્વાઈન ફલુના છેલ્લા ૨૪ કલાકમાં જ ૯૧ નવા કેસ સપાટી ઉપર આવતા કેસોની સંખ્યા વધીને ૧૪૩૧ થઈ ગઈ છે. ૫૬૭ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. આનો મતલબ એ થયો કે સ્વાન ફલુએ રાજ્યમાં જોરદાર આતંક મચાવ્યો છે. જાન્યુઆરી મહિનામાં સ્વાઈન ફલુથી દર્દીઓના કેસ એકાએક વધ્યા હતા. ફેબ્રુઆરી મહિનામાં સ્વાઈન ફલુએ વધુ વિનાશક રુપ ધારણ કર્યું હતું. સારવાર હેઠળ રહેલા દર્દીઓની સંખ્યામાં પણ રોકેટગતિએ વધારો થઈ રહ્યો છે. ૫૬૭ લોકો હજુ પણ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. ૯૧ નવા કેસ પૈકી જુદા જુદા વિસ્તારમાં આ કેસ નોંધાયા છે. સ્વાઈન ફલુનો આતંક યથાવત રીતે જારી રહેતા હવે સ્કુલ અને કોલેજો માટે પણ આરોગ્ય ચેતવણી જારી કરાઈ છે. અમદાવાદ, રાજકોટ, વડોદરા અને અન્યત્ર વિસ્તારોમાં સ્વાઈન ફલુનો આતંક વધારે જોવા મળ્યો છે. એકલા રાજ-કોટમાં પહેલી જાન્યુઆરી બાદથી જ સ્વાઈન ફલુથી મોતનો આંકડો ૩૧થી વધુ થઈ ગયો છે જ્યારે કચ્છમાં મોતનો આંકડો સત્તાવાર રીતે જાણી શકાયો નથી. આંકડાઓ મુજબ ગુજરાતમાં સ્વાઈન ફલુના દરરોજ ૩૨ નવા કેસ બની રહ્યા છે.

### જુલાઈ સુધી પીવાના પાણીનો જથ્થો ઉપલબ્ધ

# કિસાન સન્માન નિધિનો ૭૦ લાખ ખેડૂતોને રાજ્યમાં લાભ

## સરદાર સરોવરનું કામ પૂર્ણ થતાં ૧૩૮ સુધી પાણી ભરાયું



અમદાવાદ,તા.૧૧

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, રાજ્યના નાગરિકોને સરદાર સરોવર નર્મદા યોજના મારફત પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. આ ચોમાસામાં ઓછા વરસાદને કારણે ડેમોમાં નહિવત પાણી ભરાયું છે. સરદાર સરોવરનું કામ પૂર્ણ થતાં ૧૩૮ મીટર સુધી પાણી ભરી શક્યા છીએ, આ ઉપરાંત મધ્યપ્રદેશના ઈન્દિરા સાગર સરોવરમાંથી ગુજરાતને ભાગે પડતું પાણી મળે છે. રાજ્યમાં આગામી જુલાઈ સુધી પીવાના પાણીનો પુરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું તેમણે ઉમેર્યું હતુ. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ સમગ્ર રાજ્યમાં મહેસૂલ-કૃષિ વિભાગ દ્વારા ખેડૂત લાભાર્થીઓનો ડેટા એકત્ર કરવામાં આવી રહ્યો છે. રાજ્યના અંદાજે ૭૦ લાખ જેટલા ખેડૂતોને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. આ યોજના હેઠળ ૨ હેકટર જમીન ધરાવતા પ્રત્યેક ખેડૂત ખાતેદારને દર વર્ષે ૬૦૦૦/-ની ઈનપુટ સહાય સીધે સીધી તેમના ખાતામાં કેન્દ્ર સરકાર દ્વારા જમા કરવામાં આવશે. આ યોજના અંગે વિરોધીઓ કેટલી ગેરસમજો ઊભી કરી રહ્યા છે. પરંતુ ખેડૂતોએ તેનાથી ભરમાવાની જરૂર નથી. ભારત સરકારના ધારાધોરણો હેઠળ મહત્તમ ખેડૂતોને યોજનાનો લાભ મળવાનો છે. રાજ્યમાં યોજનાના લાભો આપવા માટે ખેડૂતોની નોંધણી શરૂ કરવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું હતુ. નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે, રાજ્યમાં સ્વાઈન ફ્લુને ફેલાતો અટકાવવા કેન્દ્ર સરકારની ટીમ ગુજરાતમાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા તમામ સરકારી હોસ્પિટલોમાં આઈશોલેશન વોર્ડ શરૂ કરવા સાથે દરદીઓને વિનામૂલ્યે નિદાન-સારવાર અને દવાઓ પુરી પાડવામાં આવે છે.

### પંચમહાલ, દાહોદ અને છોટા ઉદેપુર બેઠકોનું ક્લસ્ટર સંમેલન

# ચૂંટણી તૈયારી જારી : આજે અમિત શાહની અધ્યક્ષતામાં સંમેલન થશે

## અમિત શાહ આજે અમદાવાદથી મેરા પરિવાર ભાજપ પરિવાર અભિયાનને રાષ્ટ્રવ્યાપી પ્રારંભ કરાવશે : સવારે ભાજપ ધ્વજનું ધ્વજારોહણ કાર્યક્રમ થશે



અમદાવાદ,તા.૧૧

લોકસભા ચૂંટણીને લઈને ભાજપે જોરદાર તૈયારીઓ શરૂ કરી દીધી છે જેના ભાગરુપે આવતીકાલે જુદા જુદા કાર્યક્રમો યોજાનાર છે. આના ભાગરુપે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની અધ્યક્ષતામાં આવતીકાલે તારીખ ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૯ મંગળવારના રોજ ગોધરા ખાતે પંચમહાલ, દાહોદ અને છોટાઉદેપૂર લોકસભા બેઠકોનું ક્લસ્ટર સંમેલન યોજાશે. બપોરે ૨.૦૦ કલાકે એસ.આર.પી. ગ્રાઉન્ડ, શહેરા રોડ, ગોધરા ખાતે પ્રારંભ થનાર ક્લસ્ટર સંમેલનમાં પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી, મુખ્યમંત્રી વિજય રૂપાણી, કેન્દ્રીય મંત્રી જસવંતસિંહ ભાભોર તથા પ્રદેશ અગ્રણીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે આ ક્લસ્ટર સંમેલનોમાં લોકસભા મતવિસ્તારના લોકસભા સીટના પ્રભારી, ઈન્ચાર્જ-સહઈન્ચાર્જઓ, લોકસભા સીટના વિસ્તારકો, સંકલન સમિતિના સભ્યઓ, પ્રદેશ પદાધિકારીઓ, પ્રદેશ કારોબારી સભ્યઓ, મંડલ પદાધિકારી, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડેલા ઉમેદવારઓ, પ્રદેશ અને જીલ્લા/મહાનગરના મોરચા પદાધિકારીઓ, મંડલ મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ, શક્તિકેન્દ્રના ઈન્ચાર્જ-પ્રભારીઓ, બોર્ડ-નિગમના પદાધિકારીઓ તથા પૂર્વ સાંસદ-ધારાસભ્યઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહેશે. બીજી બાજુ ભાજપા મીડિયા સેલની યાદી જણાવે છે કે, ભાજપા દ્વારા આવતીકાલ તારીખ ૧૨ ફેબ્રુઆરીથી સમગ્ર દેશમાં 'મેરા પરિવાર - ભાજપા પરિવાર' અભિયાન શરૂ થવા જઈ રહ્યુ છે. જે અંતર્ગત ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અમદાવાદ ખાતે સવારે ૯.૦૦ કલાકે તેમના નિવાસ સ્થાને ભાજપાના ધ્વજનું ધ્વજારોહણ કરશે. ત્યારબાદ સવારે ૧૦.૦૦ કલાકે પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરીયમ અમદાવાદ ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ 'મેરા પરિવાર - ભાજપા પરિવાર'ના દેશ વ્યાપી અભિયાનનો શુભારંભ કરી દેશભરના કાર્યકરોને આગામી લોકસભા ચૂંટણી સંદર્ભે માર્ગદર્શન આપશે. ઉપરોક્ત કાર્યક્રમોમાં ભાજપા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને લોકસભા ચૂંટણી પ્રભારી ઓમજી માથુર, પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી, મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તથા પ્રદેશ અગ્રણીઓ, અમદાવાદ જીલ્લા/મહાનગરના આગેવાનો સહિત મોટી સંખ્યામાં ભાજપાના કાર્યકરો ઉપસ્થિત રહેશે.

## શાંતિપૂર્ણ ચૂંટણી લોકતંત્ર માટેની ઓળખ છે: કોહલી



અમદાવાદ,તા.૧૧

તારીખ ૨૬મી જાન્યુઆરી-૧૯૫૦ ના રોજ ભારત પ્રજાસત્તાક દેશ બન્યો અને તેના એક દિવસ પૂર્વે તારીખ ૨૫મી જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ ભારતીય ચૂંટણી પંચની સ્થાપના કરવામાં આવી હતી. દર વર્ષે ૨૦૧૧થી આ દિવસને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે આજે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીમાં રાજ્યપાલ ઓપી કોહલીએ જણાવ્યુ હતું કે, દેશ અને રાજ્યમાં શાંતિપૂર્ણ અને ભયમુક્ત વાતાવરણમાં ચૂંટણીઓ યોજાય તે લોકતંત્રની સાચી ઓળખ છે.

# ૩૧ જિલ્લામાં ૪.૭૨ કરોડથી વધુ ચોમી જમીન ઉપર દબાણો

અમદાવાદ,તા. ૧૧

ગુજરાત રાજયના ૩૧ જિલ્લાઓમાં ચાર કરોડ, ૭૨ લાખ, ૫૯ હજાર, ૨૦૩ ચો.મી જમીન પર ગેરકાયદે દબાણો વર્ષોથી બોલતા હોવાછતાં તેને દૂર કરવામાં સરકારી તંત્ર સરેઆમ નિષ્ફળ રહ્યું છે. અમદાવાદ જિલ્લાની વાત કરીએ તો, અમદાવાદમાં ૧,૩૩,૫૯૭૨ ચો.મી જમીન પર ગેરકાયદે દબાણો નોંધાયા છે. સમગ્ર રાજયમાં જે જમીનો પર આ અનઅધિકૃત દબાણો અને બાંધકામો નોંધાયા છે, તેમાં ગૌચર, ખેતી, ધાર્મિક સહિતની જમીનોનો સમાવેશ થાય છે એમ આજે ઓબીસી, એસસી-એસટી લઘુમતી એકતા મંચના ઉપપ્રમુખ મુકેશભાઇ ભરવાડે રાજયની જમીનો પર દબાણના આંકડાઓનો જાહેરમાં પર્દાફાશ કરતાં જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગાયના નામે મતો મેળવતી ભાજપ સરકારના રાજમાં ગાયો અને અન્ય પશુઓના ચરિયાણ માટે ગૌચરની જમીનોમાં વર્ષોથી મોટાપાયે ગેરકાયદે દબાણો થઈ ગયા છે પરંતુ સરકારી તંત્ર તેને દૂર કરી શકયું નથી. રાજયના ૩૧ જિલ્લાઓમાં ૪,૭૨,૫૯,૨૦૩ ચો.મીથી વધુ જમીન પર ગેરકાયદે દબાણો માલૂમ પડયા છે. જે પૈકી ગીર અભયારણ્યમાં ૫૭.૫૩૫૮ હેકટર વિસ્તારમાં દબાણો નોંધાયા છે. તે પૈકી ખેતીના દબાણો ૫૬.૧૭૫૭ હેકટર અને ધાર્મિક જગ્યાના ૧.૩૬.૦૧ હેકટર વિસ્તારમાં દબાણો હોવાનું સામે આવ્યું છે. તેમાંથી થોડા દબાણો જ ૧૯૮૭-૮૮ પહેલાના છે, જયારે બાકીના દબાણો ત્યારબાદના છે. લગભગ ત્રણ દાયકાઓ વીતી જવા છતાં રાજય સરકાર ગીર અભયારણ્ય જેવા આરક્ષિત વિસ્તારમાંથી પણ દબાણો દૂર કરી શકાવી નથી જે બહુ ગંભીર અને કમનસીબ બાબત છે એમ ઓબીસી, એસસી-એસટી લઘુમતી એકતા મંચના ઉપપ્રમુખ મુકેશભાઇ ભરવાડે ઉમેર્યું હતું.

# વર્ષ ૨૦૨૦થી ધોરણ૧૦માં ગણિતના બે પ્રશ્નપત્ર રહેશે

## વિદ્યાર્થીને વિકલ્પ : હવે ગણિતના પેપરમાં મેથેમેટીક્સ સ્ટાન્ડર્ડ અને મેથેમેટીક્સ બેઝિક એમ બે લેવલના પેપર



અમદાવાદ,તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની મળેલી બેઠકમાં વર્ષ ૨૦૨૦ થી ધો.૧૦ની પરીક્ષામાં બે લેવલના પ્રશ્નપત્ર લેવાનો બહુ જ મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. ધોરણ-૧૦ની પરીક્ષા પણ સીબીએસઇ(સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન)પેટર્ન મુજબ, ગણિતની પરીક્ષા લેવા આયોજન કરવામાં આવ્યું છે. શૈક્ષણિક સત્ર ૨૦૨૦થી ધોરણ-૧૦ની પરીક્ષામા શિક્ષણ બોર્ડ ગણિતના બે લેવલના પેપર કાઢશે. જેમાં ધોરણ-૧૦ની પરીક્ષામાં ગણિતના પેપરમાં મેથેમેટીક્સ સ્ટાન્ડર્ડ અને મેથેમેટીક્સ બેઝિક એમ બે લેવલના પેપર હશે. ધોરણ-૧૦ પછી ગણિત વિષય સાથે ઉચ્ચ અભ્યાસ કરવા માગતા વિદ્યાર્થીઓ ગણિત સ્ટાન્ડર્ડ લેવલ, જ્યારે ધોરણ-૧૦ પછી ગણિત નહીં રાખવા માગતા વિદ્યાર્થીઓ માટે ગણિત બેઝિક લેવલ પશ્નપત્ર તૈયાર કરવા પ્રસ્તાવ પસાર કરાયો છે. આ નિર્ણયને પગલે ગણિત વિષયના બે અલગ અલગ પાઠ્ય પુસ્તકો પણ તૈયાર કરાશે. જેમાં સામાન્ય પ્રવાહમાં જવા માગતા વિદ્યાર્થીઓ માટે અંક ગણિત આધારિત અને વિજ્ઞાન પ્રવાહમાં જવા માગતા વિદ્યાર્થીઓ માટે બીજ ગણિતનું પાઠ્યપુસ્તક તૈયાર કરાશે. બોર્ડે વિદ્યાર્થીઓમાં ગણિતનો ભય અને તણાવ દૂર કરવા આ નિર્ણય લીધો છે. આ નિર્ણય બોર્ડના તમામ સભ્યોએ સહસહમતિથી સામાન્ય સભામાં પ્રસ્તાવ પાસ કર્યો હતો. વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો હોવાનું મનાઈ રહ્યું છે. બીજીબાજુ, બોર્ડના આ હકારાત્મક અને રાહતભર્યા નિર્ણયને પગલે વિદ્યાર્થી તેમ જ વાલીઓમાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે.

# વિશ્વના ૫૬ રાષ્ટ્રોના પોલીસ અધિકારીઓ સહભાગી થયા



## ગાંધીનગરમાં ઈન્ટરપા કોન્ફરન્સ શરૂ થઈ : સાયબર સિક્યુરિટી અને અન્ય પાસાઓ ઉપર ચર્ચા થશે

અમદાવાદ,તા.૧૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સાયબર ક્રાઈમની વૈશ્વિક સમસ્યા સામે સાયબર સિકયુરિટીના સઘન પગલાંઓ અને ન્યુ એપ્રોચીસના સહિયારા પ્રયાસોની હિમાયત કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, સાયબર ક્રાઈમ એ કોઈ એકાદ રાષ્ટ્રની નહિં પરંતુ વિશ્વની પડકારરૂપ સમસ્યા બની છે અને આ સમસ્યાને નિપટવા તથા તેની સામે સજ્જ થવા સૌ સાથે બેસીને વિચાર મંથન કરે તે સમયની માંગ છે. ડિઝીટલી કનેકટેડ વિશ્વમાં સાયબર ક્રાઈમ અને સાયબર એટેક સમગ્ર માનવજાત માટે ખતરો છે એમ પણ તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું. મુખ્યમંત્રી ગાંધીનગરમાં યોજાઈ રહેલી આઠમી ઈન્ટરપા કોન્ફરન્સનો પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. આ કોન્ફરન્સનું આયોજન ઈન્ટરનેશનલ એસોસિયેશન ઓફ પોલીસ એકેડેમીઝ અને ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીના ઉપક્રમે ૧૧ થી ૧૩ ફેબ્રુઆરી દરમ્યાન ગાંધીનગરમાં થયું છે. ૫૬ રાષ્ટ્રોના ૧૦૦ થી વધુ સિનીયર પોલીસ અફસરોએ આ પરિષદ માટે નોમિનેશન કરાવેલું છે. મુખ્યમંત્રીએ આ પ્રસંગે કહ્યું કે, પાછલા બે દાયકાથી સાયબર થ્રેટસ અને સાયબર ક્રાઈમે અતિગંભીર સ્વરૂપ લઈ લીધું છે. એટલું જ નહી, ડિઝીટલ ટેકનોલોજીના વ્યાપક ઉપયોગને પરિણામે હવે બધી જ માહિતી અને વિગતો ડિઝીટલી મેનેજ થવાને કારણે નાગરિકોની સુવિધા વધી છે.

# રાજયમાં ઠંડીનું પ્રમાણ આંશિક ઘટ્યું

## ડિસા તેમજ નલિયામાં લઘુત્તમ તાપમાન હજુ પણ ૧૦થી નીચે : હળવા વરસાદી ઝાપટાની પણ તંત્ર દ્વારા આગાહી



અમદાવાદ, તા.૧૧

ઠંડીના પ્રમાણમાં આંશિકરીતે ઘટાડો થતાં ગુજરાતના લોકો આજે રાહત અનુભવી હતી. મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં આંશિકરીતે વધારો થયો છે. જો કે, ઠંડા પવનોના કારણે હજુ પણ લોકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. હવામાન વિભાગના કહેવા મુજબ દમણ દાદરાનગર હવેલીમાં તથા ગુ-જરાત પ્રદેશમાં ઘણી જગ્યાઓએ વરસાદી ઝાપટા પણ પડી શકે છે. આવી સ્થિતિમાં ઠંડીના ચમકારાને નકારી શકાય નહીં. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં ઠંડીના પ્રમાણમાં વધુ ઘટાડો થશે અને પારો વધશે. આવતીકાલે અમદાવાદમાં પારો વધીને ૧૩ ડિગ્રી સુધી વધી શકે છે. આજે પણ સૌથી ઓછું તાપમાન નલિયામાં જ નોંધાયું હતું જ્યાં પારો ૭.૪ સુધી નીચે રહ્યો હતો. અલબત્ત છેલ્લા કેટલાક દિવસની સરખામણીમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થયો હતો. અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન વધીને ૧૧.૫ રહ્યો હતો.

# ગાય-ગૌચરના મુદ્દે રાજયમાં ઉગ્ર આંદોલન કરવા ચિમકી

## ગાયને રાષ્ટ્રીય પશુ જાહેર કરવા ઉગ્ર માંગણી : આગામી દસ દિવસમાં મુખ્યમંત્રી રૂપાણીને આવેદનપત્ર અપાશે : ઓબીસી, એસસી-એસટી એકતા મંચની ઘોષણા

અમદાવાદ,તા. ૧૧

ગુજરાતમાં કરોડો હેકટર જમીન ગૌચરની અદાણી જેવા મોટા ઉદ્યોગપતિઓને પાણીના ભાવે ફાળવાઈ ગઈ છે અને તેની પર મોટાપાયે ગેરકાયદે દબાણો થઈ ગયા છે, જેના પરિણામે, માલધારી સમાજ સહિતના લોકોનું પશુધન અને તેના આધારે તેમનુ અસ્તિત્વ ટકાવવુ ખૂબ મુશ્કેલ બની ગયું છે ત્યારે હવે ગાય અને ગૌચર મુદ્દે રાજયભરમાં ઉગ્ર આંદોલન છેડવાની બહુ મહત્વની જાહેરાત આજે ઓબીસી, એસસી-એસટી લઘુમતી એકતા મંચના ઉપપ્રમુખ મુકેશભાઈ ભરવાડે કરી હતી. એટલું જ નહી, તેમણે ગાયને રાષ્ટ્રીય પશુ જાહેર કરવાની ઉગ્ર માંગણી કરી હતી અને આગામી દિવસોમાં રાજયના વિવિધ જિલ્લા-તાલુકા કક્ષાએ ગાયોને લઈ સરકારી કાર્યક્રમોમાં હાજરી સહિતના અનેક આશ્ચર્યકારક કાર્યક્રમો આપવાનું એલાન કર્યું હતું. આગામી દસ દિવસમાં આ સમગ્ર મામલે ઓબીસી, એસસી-એસટી લઘુમતી એકતા મંચ દ્વારા રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને આવેદનપત્ર આપવામાં આવશે.

Printed by **RAJESH JASVANTRAY MANIYAR,** Published by **RAJESH JASVANTRAY MANIYAR** on behalf of (or owned by) **RAJESH jASVANTRAY MANIYAR** and Printed at RAJ PRINTERS PLOT NO. 4 VIJAY COLONY, AIRPORT ROAD, SUBHASHNAGAR, BHAVNAGAR (GUJARAT) and published at PLOT NO. 4VIJAY COLONY, AIRPORT ROAD, SUBHASHNAGAR, BHAVNAGAR (GUJARAT) **Editor RAJESH J. MANIYAR**